# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. વાવ-થરાદ, પાટણ, કચ્છ, પંચમહાલ અને જૂનાગઢ જિલ્લામાં પિયત અને બિનપિયત જમીન બંનેમાં ખેડૂતોને 22 હજાર રૂપિયાની સહાય અપાશે
2. દિલ્હીમાં કારમાં વિસ્ફોટ બાદ ગુજરાતમાં પોલીસ દ્વારા તપાસ કામગીરી- ધાર્મિક સ્થળોએ સઘન સુરક્ષા વ્યવસ્થા
3. નવસારીના ગણદેવીમાંથી ગેરકાયદેસર હથિયાર સાથે ચાર આરોપી ઝડપાયા-પોલીસના વળતા ગોળીબારમાં એક આરોપી ઇજાગ્રસ્ત
4. SIR પ્રક્રિયા હેઠળ અત્યાર સુધી 2 કરોડ 17 લાખથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થયું
5. આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીવત્.

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# KRUSHI SAHAY

રાજ્યના વાવ-થરાદ, પાટણ, કચ્છ, પંચમહાલ અને જૂનાગઢ જિલ્લામાં પિયત અને બિનપિયત બંનેમાં એક સમાન કૃષિ સહાય અપાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કરેલી રજૂઆતને પગલે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, પિયત અને બિનપિયત બંને પાકોમાં ખેડૂતોને 22 હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે.

આ ઉપરાંત, વાવ-થરાદ અને પાટણ જિલ્લામાં ભારે વરસાદમાં પાણી ભરાયેલા હોવાને કારણે રવિ ઋતુમાં વાવેતર થઈ શકે તેમ ન હોઇ તેવા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા ખાસ કિસ્સામાં 20 હજાર રૂપિયા પ્રતિ હેક્ટર લેખે બે હેક્ટરની મર્યાદામાં સહાય આપવાનો પણ નિર્ણય કરાયો છે.

ઉલ્લેખનીય છે કે આ પાંચ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો માટે આજથી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ખુલ્લું મૂકાયુ છે. ખેડૂતો પોતાના ગામના VCE/VLEના માધ્યમથી આગામી 15 દિવસ સુધી સહાય માટે પોર્ટલ પર અરજી કરી શકશે.

-------------

# Krushi Raahat Package Review

રાજ્યમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદના કારણે ખેતીના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા 10 હજાર કરોડ રૂપિયાના ઐતિહાસિક કૃષિ રાહત પેકેજને અસરગ્રસ્ત ખેડૂતોએ ઉમળકાભેર આવકાર્યું છે.

ડાંગ જિલ્લાના સતિ ગામના સોનુભાઇ સાબળે જણાવે છે કે બે હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ ૨૨ હજારની સહાય પિયત કે બિન પિયત જમીન ધ્યાને લીધા વિના ચૂકવવાનો નિર્ણય ખરેખર આવકારદાયક છે. ભુજ એ.પી.એમ.સી. ચેરમેન શંભુભાઇ જરૂ એ જણાવ્યુ કે આ આર્થિક પેકેજ તથા ૧૫ હજાર કરોડ રૂપિયાના ખર્ચે ટેકાના ભાવે જણસોની ખરીદી ખેડૂતોને મદદરૂપ બની રહેશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ખોલડીયાદ ગામના ખેડૂત રામજીભાઈ ગોહિલે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યુ કે ઇતિહાસમાં પહેલીવાર આટલું મોટું પેકેજ જાહેર કરીને રાજ્ય સરકારે ખેડૂતોની મદદે આવી છે.

-------------

# GUJARAT CHECKING

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં વિસ્ફોટ બાદ ગુજરાતમાં પણ એલર્ટ અપાયું છે. પોલીસ દ્વારા વિવિધ જિલ્લામાં તપાસ કરવામાં આવી રહી છે. વિસ્ફોટની ઘટનામાં બાદ ગાંધીનગર રેન્જના તમામ જિલ્લાઓમાં ચેકિંગ શરૂ કરાયું છે. ગાંધીનગર રેન્જ આઇ.જી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું

કે ગુના શાખા, SOG, ATS સહિત તમામ સુરક્ષા એજન્સીઓને સાવચેત કરી દેવામાં આવી છે.

(બાઇટ : વિરેન્દ્રસિંહ યાદવ – IG)

આ ઉપરાંત રાજ્યના સોમનાથ, દ્વારકા, અંબાજી જેવા ધાર્મિક સ્થળોએ પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.

પોરબંદરમાં ગોસા લેન્ડિંગ પોઈન્ટ સહિત બંદર, રેલ્વે સ્ટેશન અને દરિયાઇ પટ્ટી પર પોલીસે સઘન ચેકીંગ હાથ ધર્યું.

અમરેલીના રાજુલા, જાફરાબાદ અને પીપાવાવ જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં મોડી રાતથી જ પોલીસ વડાની સૂચના હેઠળ ચુસ્ત ચેકિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.

-------------

# Kutch: Security alert

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં થયેલા વિસ્ફોટના પગલે સરહદી કચ્છમાં પણ સુરક્ષા એલર્ટ અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે.

જીલ્લાના પશ્ચિમ અને પૂર્વ વિભાગમાં આવેલા તમામ પોલીસ મથકોના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર વાહનોની તપાસ ચાલી રહી છે. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી જાહેર સ્થળો અને મુખ્ય માર્ગો પર રાત્રિ પેટ્રોલિંગ પણ સઘન બનાવવામાં આવ્યું છે.

જીલ્લાના પ્રવેશદ્વાર સમા આડેસર પોલીસ ચેકપોસ્ટ પરથી પસાર થતા તમામ વાહનોને રોકીને ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ભુજ તથા જિલ્લાના દુર્ગમ વિસ્તારોમાં પણ પોલીસની વિવિધ ટીમો નાની-મોટી તમામ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NAVSARI AAROPI

નવસારીના ગણદેવીમાંથી ગેરકાયદેસર હથિયાર સાથે ચાર આરોપી ઝડપાયા છે. આરોપીઓમાં હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના શખ્સો સામેલ છે. ગણદેવીના મહાદેવ મંદિર ખાતે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ

પહોંચતા આ આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું, જેના જવાબમાં પોલીસે ફાયરિંગ કરતા આરોપી યશસિંહ સુન્દરસિંહને પગમાં ઈજા પહોંચી હતી.

જોકે પોલીસે ચારેય આરોપીઓને સ્થળ પરથી પકડી પાડયા હતા. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી ત્રણ ગેરકાયદેસર હથિયારો, 27 જીવતા કારતૂસ અને અન્ય મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ અંગે SMCના SP મયુર ચાવડાએ વધુ માહિતી આપી.

(બાઇટ : મયુર ચાવડા – SP, SMC)

-------------

# NEW TRAIN

પોરબંદર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ અને જામનગર એમ કુલ ચાર જિલ્લાની રેલવે સુવિધામાં વધારો થશે. 14 નવેમ્બરથી બે નવી ટ્રેનનો પ્રારંભ થશે. ત્રણ માસમાં બે વિમાની સેવા બાદ બે ટ્રેનનો પ્રારંભ થતા સૌરાષ્ટ્રના વિકાસને પ્રોત્સાહન મળશે. રાજકોટ-પોરબંદર વાયા જેતલસર જંક્શન રેલવે રૂટની મંજૂર થયેલી બે ટ્રેન પૈકી એક ટ્રેન દૈનિક ચાલશે જ્યારે અન્ય એક ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ શરૂ થશે. આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનુ જીવન સરળ થશે સાથે જ વ્યાપાર, વાણિજય અને પ્રવાસનને વધુ ગતિ મળશે. લોકો માટે આવાગમન સુગમ અને સુવિધાયુકત બનશે.

-------------

# RAILWAY BLOCK

રેલવે મંત્રાલયની સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર ગાંધીનગર-જયપુર સ્ટેશન પુનઃવિકાસ કામ માટે કરાયેલા બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. આગામી 13 ડિસેમ્બર, 2025 સુધી 35 દિવસોના બ્લૉકને લીધે 8 ડિસેમ્બર, 2025 ના રોજ ઓખા-જયપુર એક્સપ્રેસ અજમેર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. એટલે, જાત વળતની આ ટ્રેન અજમેર અને જયપુર વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

આ બ્લોકને કારણે અમુક ટ્રેનોને પરિવર્તિત માર્ગોથી ચલાવવામાં આવશે જેમાં 13 ડિસેમ્બર, 2025 સુધી દિલ્લી સરાય રોહિલ્લાથી બાન્દ્રા ટર્મિનસ સુધી જાત વળત ચાલતી - ગરીબ રથ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-રીંગસ-ફુલેરા સ્ટેશનોના રસ્તે ચલાવવામાં આવશે.

-------------

# SIR

રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા-SIRની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે 50 હજાર 963 બૂથ સ્તરના અધિકારીઓ-BLO 5 કરોડ 8 હજાર મતદારોના મેપિંગ માટે કાર્યરત છે. SIR પ્રક્રિયા શરૂ

થયાના ગણતરીના દિવસોમાં 3 કરોડ 90 લાખ ગણતરી ફોર્મના વિતરણ સામે 2 કરોડ 17 લાખથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થયું છે. રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી નાગરિકોનું મેપિંગ કરવામાં આવી રહ્યું છે.

BLO ગણતરી ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતની કામગીરી સંભાળી રહ્યા છે.

-------------

## INVESTOR CONNECT EVENT -CHHATISGADH CM

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં આજે ઇન્વેસ્ટર કનેક્ટ ઇવેન્ટ યોજાઈ. જેનો ઉદેશ્ય રાજ્યના રોકાણકારો સાથે ઔદ્યોગિક ભાગીદારી મજબૂત કરવાનો અને નવી વ્યવસાયિક તકો વિશે ઉદ્યોગો અને રોકાણકારોને માહિતગાર કરવાનો હતો.

મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાતનાં રોકાણકારોને છત્તીસગઢમાં રોકાણ કરવા માટે આમંત્રિત કરતાં જણાવ્યુ કે રાજ્યના ઉદ્યોગોને હવે કોઈ પણ પ્રકારના પડકારો કે ખતરો નથી.

(બાઇટ- વિષ્ણુ દેવ સાઈ-CM છત્તીસગઢ)

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી સાઇએ થર્મલ પાવર પ્લાન્ટ, ગ્રીન સ્ટીલ મેન્યુફેક્ચરિંગ, સોલર સેલ, ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ફૂડ સપ્લિમેન્ટ્સ જેવા ક્ષેત્રોની અગ્રણી કંપનીઓને રોકાણ માટે આમંત્રણ પત્રો એનાયત કર્યા હતા. આ ઈવેન્ટ થકી છત્તીસગઢને અંદાજિત 33 હજાર કરોડના રોકાણ પ્રસ્તાવો મળ્યા છે, જેનાથી રાજયમાં 10 હજારથી વધુ રોજગારીની તકો સર્જાશે.

-------------

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ દરમિયાન હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની આગાહી છે તેમજ લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના અધ્યક્ષ  -એ.કે દાસ.

(બાઇટ- એ. કે. દાસ.- ડાયરેક્ટર હવામાન વિભાગ )

રાજ્યમાં આજે ભૂજ, ભાવનગર, રાજકોટ અને દમણ શહેર 32.8 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી વધુ મહત્તમ તાપમાન ધરાવતા શહેરો રહ્યા છે.

-------------

# CM MEET RADHA YADAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વિશ્વ-વિજેતા ભારતીય મહિલા ક્રિકેટ ટીમનાં ખેલાડી રાધા યાદવ સાથે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત કરી. સત્તાવાર યાદી મુજબ, તાજેતરમાં વિશ્વવિજેતા થયેલા ભારતીય ટીમનાં ખેલાડી અને વડોદરાનાં રાધા યાદવનો મહિલા ટીમમાં ઑલરાઉન્ડર તરીકે સમાવેશ થયો હતો. મુખ્યમંત્રીએ સુશ્રી યાદવને શાલ ઓઢાડીને તેમનું સ્વાગત કર્યું અને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2018માં દક્ષિણ આફ્રિકા મહિલા ટીમ સામેની ભારતીય ટીમમાં પહેલી વાર તેમણે ટી-20 આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું.

-------------